Gujarati

NJ FAMILYCARE

પોસાય તેવું સ્વાસ્થ્ય કવરેજ ગુણવત્તાયુક્ત સારવાર



# જો તમને તમારાહાઉસિંગ માટે શોધવા અને જાળવી રાખવામાં મદદની જરૂર હોય તો, તમે NJ ફેમિલીકેર હાઉસિંગ સપોર્ટ પ્રોગ્રામ તરફથી નિ:શુલ્ક મેળવવાને પાત્ર હોઇ શકો છો

## હાઉસિંગ સપોર્ટ પ્રોગ્રામ શું છે?

આ પ્રોગ્રામ બધી ઉંમરના લોકોને મદદ કરે છે NJ ફેમિલીકેર (મેડિકેડ) વડે જે લોકોને હાઉસિંગની જરૂરીયાત હોય અને સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવતા હોય તેમને નીચેના માટે હાઉસિંગ એજન્સી સાથે કનેક્ટ કરવામા આવે છે:

- રહેવા માટે સ્થળ શોધવું
- હાઉસિંગમાં સ્થળાંતર કરવું
- તમારા હાઉસિંગમાં રહેવું
- તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે હાઉસિંગમાં બદલાવો કરવા

## આ સેવાઓ કોણ મેળવી શકે છે?

આ ત્રણ બાબતો હોય તેવા બધી ઉંમરના લોકો:

1) NJ ફેમિલીકેર (મેડિકેડ)
2) સ્વાસ્થ્ય સ્થિતિ
3) હાઉસિંગની જરૂરીયાત



## સ્વાસ્થ્ય સ્થિતિ શું છે? તેમાં આ બાબતો સમાવિષ્ટ છે, પરંતુ તે એટલે સુધી જ મર્યાદિત નથી -

- હૃદયનો રોગ, કેન્સર, ડાયાબિટીસ અથવા કિડનીની સમસ્યાઓ
- માનિસક સ્વાસ્થ્યની સમસ્યાઓ
- માદક પદાર્થનો ઉપયોગ કરવાની વિકૃતિ
- ગર્ભાવસ્થા
- વિકાસલક્ષી વિકલાંગતાઓ
- વારંવાર હૉસ્પિટલની મુલાકાત લેવી અથવા ઇમર્જન્સી રૂમનો ઉપયોગ કરવો

## હાઉસિંગની જરૂરીયાત શું છે? તેમાં આ બાબતો સમાવિષ્ટ છે, પરંતુ તે એટલે સુધી જ મર્યાદિત નથી -

- તમે બેઘર હો
- તમે ટૂંક સમયમાં તમારું હાઉસિંગ ગુમાવવાના હો
- તમે તમારા હાઉસિંગના કારણે નર્સિંગ હોમ અથવા સંસ્થામાં જવાના જોખમ હેઠળ હો
- તમે નર્સિંગ હોમ અથવા માનસિક સ્વાસ્થ્ય અથવા વ્યસનની સારવારના પ્રોગ્રામમાંથી છૂટા થવાના હો
- તમે હાલમાં જેલ અથવા કારાગૃહમાં ગયા હો

## શું આ પ્રોગ્રામ ભાડાની ચૂકવણી કરે છે?

**આ પ્રોગ્રામ તમારું ભાડુ ચૂકવતો નથી**, પરંતુ તે તમને તમારું ભાડુ ચૂકવવાના સ્ત્રોતો શોધવામાં અથવા રહેવા માટે વધુ પોસાય તેવું સ્થળ શોધવામાં મદદ કરી શકે છે.

તમે આ સેવાઓ મેળવી શકો કે કેમ તે જાણવા માટે, તમારા NJ ફેમિલીકેર મેનેજ્ડ કેર ઓર્ગેનાઇઝેશન (MCO)નો સંપર્ક કરો:

| એટના | ફિડેલિસ | હોરિઝોન | યુનાઇટેડ | વેલપોઇન્ટ |
|---|---|---|---|---|
| 1-855-232-3596 | 1-866-309-8447 | 1-800-682-9090 | 1-800-941-4647 | 1-855-661-1996 |

